# ડભોડામાં ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ત્રણ શકુનિઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા ડભોડા ગામમાં સધી માતાવાળા વાસમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસની ટીમે દરોડો પાડીને ત્રણ શકુનીઓને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડયા હતા. ડભોડા પોલીસે રૂ.૧૦૯૦ ના રોકડ મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પોલીસની ટીમ ગઈ કાલે પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ વિપુલકુમારને બાતમી મળી હતી કે ડભોડા સધીમાતાવાળા વાસમાં એક જુના મકાનની પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યાં છે. આ બાતમીને આધારે ડભોડા પોલીસની ટીમે દરોડો પાડીને ડભોડા ગામના જ ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા હતા. ડભોડાના સાલુજીના મુવાડા ખાતે રહેતા નરેન્દ્રસિંહ અજીતસિંહ પરમાર, સધીમાતાના વાસમાં રહેતાં નરેશ પુનમજી ઠાકોર તથા શમસેરસિંગ બળવંતસિંહ સરદારજી નામનાં ત્રણેય શખ્સોની પોલીસે ધરપકડ કરી લીધી હતી. રૂ.૧૦૯૦ રોકડ મુદ્દામાલ જપ્ત કરીને ત્રણેય સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.



સે-૨૧ જીમખાનાના સ્વિમર્સ એ પોરબંદરમાં શ્રી રામ સ્વિમિંગ કલબ દ્વારા યોજાયેલ સ્વિમિંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં સ્નેહા પોપટ ચક્રવર્તી, ત્રિવીદ પટેલ, ગિરીશ સેનમા, પ્રિયંકા સોની, ચિરાગ પટેલ, સોફિક નામન, સુમિત ચૌધરી, શ્રીજી નિમાવત, ધાર્મિક પટેલે ભાગ લીધો હતો. દરેક સ્પર્ધકોને કોચ કેતુ ભગત, શરદભાઈ વ્યાસ, મનિષા ત્રિપાઠી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જયારે દર વર્ષની જેમ આ વર્ષે પણ તાફીક મેમણ એ ૫ કિમી તથા ૨ કિમી તેમજ સુમિત ચૌધરી દ્વારા ૨ કિમીનું અંતર પુરું કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરની ડાક અદાલતમાં ટપાલ વિભાગનું સકારાત્મક વલણ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર ડાક ડીવીઝનના અધિકારી સીસોદીયા તથા વ્યાસની ઉપસ્થિતિમાં ડાક વિભાગના કર્મચારીઓની હડતાલ હોવા છતાં યોજાઈ હતી. જેમાં વિવિધ પ્રશ્નોની છણાવટ સાથે ઉકેલ માટેના તત્પરતા બતાવવામાં આવી હતી. કર્મચારીઓના પ્રશ્નો પણ ઉકેલવા તત્પરતા બતાવવામાં આવી હતી.

ખાસ કરીને કનેક્ટીવીટી ટપાલ કચેરીઓમાં મળતી નથી, તેથી મહામંડળ દ્વારા ૧૦-૧૦-૧૮ના રોજ પત્ર લખી અને ત્યારબાદ પણ ભારત સરકારના ટપાલ વિભાગના મંત્રી મનોજ સિંહાએ પત્ર લખી સ્થાનિક કનેક્ટીવીટી સ્ટાફની તંગી, ટપાલ વિતરણ અંગે જે ડીવીઝન કે ગુજરાત સર્કલના તમામ અધિકારીઓની સત્તા મર્યાદા બહાર છે તેવા પ્રશ્નો ઉકેલવા લેખીત સ્વરૂપમાં રજુઆત ગાંધીનગર શહેર વસાહત મહામંડળ વતી જનરલને કરવા અને રજુઆતની નકલો મોકલવા ડાક અદાલતમાં અરૂણ બુચ, મયુર વ્યાસ દ્વારા કરવામાં આવી હતી. અને ડાક અદાલતમાં પણ આ અંગે વિભાગકક્ષાએ પણ પોષ્ટમાસ્તર રજુઆત કરવામાં આવી હતી. જેમાં અરૂણ બુચ, મયુર વ્યાસ કીશોર જીકાદરા, સુધીર દેસાઈ જોડાયા હતા.

### કુડાસણમાં નવી ટપાલ કચેરી થશે

ગાંધીનગરનો ગુડા વિસ્તારનો વિકાસ ઝડપથી થઈ રહ્યો છે ત્યારે ત્યાં ટપાલ વિતરણનું કામ કઠીન થઈ ગયુ છે, ત્યારે નવી ટપાલ કચેરી સ્થાપના મહામંડળની રજુઆતને સફળતા મળી રહી હોવાનું ડાક અદાલતમાં અધિકારી સીસોદીયાએ જણાવી કુડાસણમાં નવી ટપાલ કચેરી શરૂ કરવાની દરખાસ્ત સક્રીય વિચારણામાં હોવાનું જણાવ્યુ હતુ.

### પાસપોર્ટ કચેરીનો આરંભ થશે

ગત ડાક અદાલતમાં પાસપોર્ટ કચેરીના આરંભ માટે મહામંડળ દ્વારા ઠોસ રજુઆત કરવામાં આવેલ જેના પ્રત્યુત્તરમાં શરૂ કરવા પોએમજીએ તેમના ૩૧-૧૦ના પત્રથી ખાતરી આપી હતી. જેનો પ્રારંભ પણ ૨૭-૧૨-૧૮થી શરૂ થઈ ગયો છે અને દરરોજ પાસપોર્ટ માટેના અરજદારો મુખ્ય ટપાલ કચેરીમાં આવી રહ્યા છે. આમ મહામંડળની રજુઆતનો પ્રતિસાદ મળી નવી સુવિધા પ્રાપ્ત થઈ છે. ટપાલ કચેરીઓ માટે જમીન પર મકાન બાંધવા જરૂરી જોગવાઈઓ કરવા અધિકારી સિંહાને લેખીત સ્વરૂપમાં ગાંધીનગરના સેકટર-૬, ૯, ૧૯, ૨૦, ૨૩, ૨૪માં જમીન છે તેના પર ટપાલ કચેરીનું બાંધકામ કરવા પણ રજુઆત કરવામાં આવી છે.

# અપહરણના ગુનાનો આરોપી પકડાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એસઓજીની ટીમે ચોક્કસ બાતમીના આધારે માણસા પોલીસ સ્ટેશનના કર્યા છે. દરમિયાન પી.એસ.આઈ વી.કે.રાઠોડની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ જયદિપસિંહ તથા સુરેન્દ્રસિંહને સંયુક્ત રીતે





લલચાવી-ફોસલાવીને કિશોરીનુ અપહરણ કરી જવાના ગુનામાં છ વર્ષથી નાસતા-ફરતા આરોપીને નખત્રાણા પાસેની પકડી પાડયો હતો. ગાંધીનગર એસઓજીની ટીમે તેને દબોચી લઈ તેની અટકાયત કરી માણસસ પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર એસઓજી પીઆઈ જે.જી.વાઘેલાની સૂચનાથી તેમની ટીમે નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે આવા આરોપીઓની યાદી બનાવી તેમને પકડી પાડવા બાતમીદારો સક્રિય ખાનગી રાહે બાતમી મળી હતી કે માણસા પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં છેલ્લા છ વર્ષથી નાસતો ફરતો આરોપી નખત્રાણા ખાતે ભોગ બનનાર અપહ્યુત સાથે હાજર છે. આ બાતમીના આધારે એસઓજીની ટીમ નખત્રાણા ખાતે વોચમાં ગોઠવાઈ ગઈ હતી અને આરોપીને નખત્રાણાથી દબોચી લેવામાં આવ્યો હતો. ગાંધીનગર એસઓજીની ટીમે આ છ વર્ષથી નાસતા ફરતા આરોપીની અટકાયત કરી માણસા પોલીસને સોંપવા કાર્યવાહી શરૂ કરી છે.

## મોડાસાની સર્વોદય હાઈસ્કૂલના વાર્ષિકોત્સવની રંગારંગ ઉજવણી

શાળાના વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત નૈસર્ગીક કલાને અભિવ્યક્તિ દ્વારા રજૂ કરવાનો અને મૂલ્યલક્ષી શિક્ષણની સાથે સાથે પ્રવુત્તિલક્ષી શિક્ષણના માધ્યમ દ્વારા વિદ્યાર્થી જીવનનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર શિક્ષણ નગરી મોડાસાની શ્રી સી.જી.બુટાલા સેકંડરી અને શ્રી બી.વી.બુટાલા હાયર સેકંડરી સર્વોદય હાઈસ્કૂલમાં શાળાના વાર્ષિકોત્સવની આનંદપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા કેળવણી મંડળના ઉપપ્રમુખ કનુભાઈ સી. શાહ, કોર્પોરેટર આશિષ જયસ્વાલ, પ્રાંત અધિકારી મોડાસા ઈલાબેન આહીર, સરસ્વતી બાલમંદિર મંડળ મોડાસાના પ્રમુખ અને શાળાના પૂર્વ વિદ્યાર્થી નિલેશભાઈ જોશી, જિલ્લા શિક્ષણાધિકારી અરવલ્લી ગાયત્રીબેન એચ. પટેલ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર અરવલ્લી સિનિયર કોચ મઝહરભાઈ સુથાર, મોડાસા કેળવણી મંડળના ટ્રસ્ટી ઓચ્છવભાઈ ગાંધી, માનદમંત્રી પંકજ બુટાલા, ધીરેન પ્રજાપતિ, કૃષ્ણજીવન શાહ, કિરીટભાઈ શાહ, કનુભાઈ બી. પટેલ, કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓના આચાર્ય, તાલુકાની વિવિધ શાળાઓના આચાર્ય, અગ્રણી નગરજનો, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# વાવોલ એમ.બી. પટેલ વિદ્યાલય ખાતે નિવૃતિ વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

પ્રગતિ મંડળ વાવોલ સંચાલિત એમ.બી. પટેલ



સાર્વજનિક વિદ્યાલયના આચાર્ય બળદેવભાઈ પટેલ અને રમણભાઈ નિનામાનો સેવાનિવૃત્ત સન્માન સમારંભ પૃથ્વીભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

પ્રમુખસ્થાનેથી પૃથ્વીભાઈ શાહે જણાવ્યું હતું કે નિવૃત્ત થતાં બન્નેનું સ્વાસ્થ્ય સારૂ રહે તેવી શુભેચ્છા પાઠવી. શાળા વિદ્યાર્થી ભાઈ-બહેનોને શિક્ષકો દ્વારા જ સાચી કેળવણી મળશે તે સમજાવી હતી. પ્રગતિ મંડળના પ્રમુખ પોપટલાલ પટેલે બળદેવભાઈ અને રમણભાઈ નિનામાએ શાળામાં આપેલી સેવાઓ બિરદાવી બન્નેને શાલ ઓઢાડી સન્માન સેવા નિવૃત્તિ માટે શાળાના તમામ પ્રવતિમાં તેમનો સિંહફાળો રહ્યો છે તેમ જણાવ્યુ હતુ. સહ મંત્રી અમરસિંહ ગોલે સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ.

આ પ્રસંગે ઉપપ્રમુખ કુબેરસિંહ ગોલ, મંત્રી રઘુસિંહ ગોલ, ઉપપ્રમુખ અશોકભાઈ શ્રોફ, વ્યાસ રસીલાબેન પટેલ, શ્રીમાળી વિણાબેન, ગોલ રામસિંહ,



દિપકભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, ભાજપના શૈલેષભાઈ, ટ્રસ્ટી મુકેશભાઈ પટેલ, વિનોદ રાઠોડ, પટેલ નટવરભાઈ અંબાલાલ, ભાવનાબા વાઘેલા, પ્રદિપસિંહ ચાવડા, સુરેશભાઈ ચૌધરી, સબીલભાઈ પટેલ, સુરેશભાઈ ડી. ચૌધરી, પરેશભાઈ મહેતા, સી.કે. પટેલ, ચીમનભાઈ શ્રોફ, બાબુભાઈ પંચાલ, રણછોડભાઈ પટેલ, શ્રીમતી સુશીલાબેન બળદેવભાઈ પટેલ, ખોડભાઈ દરજી વિગેરેએ પ્રાસંગિક પ્રવચનો કરી સેવાનિવૃત થતાં આચાર્ય શિક્ષકને શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના આચાર્ય નિલેશભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતુ.

આ પ્રસંગે શેઠ ધીરેનભાઈ શાહનો ખાસ સન્માન સમારંભ યોજાયો હતો. ધીરેનભાઈએ ગામ આગેવાનો તેમજ મંડળનો આભાર માન્યો હતો. ઉપ-શિક્ષક શ્રીમતી શ્રદ્ધાબેન વ્યાસે આભારવિધિ કરી હતી. પ્રમુખ પોપટલાલ પટેલે ભોજનદાતા તરીકે સેવાઓ આપી હતી. જ્યારે ઉત્તરાયણ નિમિત્તે બાળકોને લાડુ અને ચવાણુ વિનોદ રાઠોડ તરફથી તમામ બાળકોને આપવામાં આવ્યું હતું. નારણભાઈ ચૌધરીએ કાર્યક્રમનું સંચાલન કર્યુહતુ.

## પ્રાંતિજ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટરની બદલી થતાં પોલીસ સ્ટાફ દ્વારા વિદાય સમારંભ

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નિયમો મુજબ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાંથી અન્ય સ્થળે અમદાવાદ ખાતે બદલી થતાં



પીએસાઈ તરીકે ફરજ બજાવતા જોધ્ધા નરેન્દ્રસિંહ વિજયસિંહની અમદાવાદ ખાતે બદલી થતાં પ્રાંતિજ પોલીસ સ્ટાફ મિત્રો દ્વારા વિદાય સમારોહ યોજાયો.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પીએસાઈ તરીકે ફરજ બજાવતા ઈન્સ્પેક્ટર જોધ્ધા નરેન્દ્રસિંહ વિજયસિંહની સરકારી નિતી પ્રાંતિજ પોલીસ સ્ટેશન સ્ટાફ દ્વારા વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમા પ્રાંતિજ પી.આઈ કે.બી. પટેલ તથા પોલીસ સ્ટાફ તથા પોલીસ મિત્રો દ્વારા પીએસાઈ જોધ્ધાને શ્રીફળ, ફુલહાર પહેરાવીને મોઢુ મીઠું કરાવીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## શેઠ કે.ટી.હઈસ્કૂલમાં સ્વયંશિક્ષક દિન ઉજવાયો

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મની શેઠ કે.ટી. હાઈસ્કૂલ ખાતે ધોરણ ૧૧ અને ૧૨નો સ્વયં શિક્ષક દિન શુક્રવારના રોજ યોજાયો હતો. જેમાં શાળાના ૧૨૫ વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે ભાગ લીધો હતો. આચાર્ય તરીકે ધોરણ ૧૨ના સોની બાલકૃષ્ણએ ફરજ નિભાવી હતી. બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રાજુ કર્યા હતા. શાળાના આચાર્ય કપિલ ઉપાધ્યાય અને શાળા પરિવારે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### કંપની સમાચાર

## યુહો મોબાઈલ્સે યુહો વાસ્ટ પ્લસ અને યુહો વાયઉ પ્રો સાથે ગુજરાત માર્કેટમાં પ્રવેશ કર્યો

ચાઈનાના અગ્રણી સ્માર્ટફોન મેન્યફેક્ચરર્સ પૈકીના એક યુહો મોબાઈલ્સે અમદાવાદમાં રેડિસન બ્લુ ખાતે આયોજિત પ્રેસ કાર્યક્રમમાં ગુજરાતમાં પોતાના પ્રવેશની જાહેરાત કરી હતી. બ્રાન્ડે પોતાના બે ન્યુ હાઈ એન્ડ ફીચરથી સજ્જ સ્માર્ટફોનઃ યુહો વાસ્ટ પ્લસ અને યુહો વાયઉ પ્રોની રજૂઆત કરી હતી, જે બેસ્ટ-ઈન-ક્લાસ લૂક અને પર્ફોર્મન્સ ધરાવે છે તથા તે આકર્ષક કિંમત સાથે યુવા પેઢીની જરૂરીયાતોને પૂર્ણ કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. યુહો મોબાઈલ્સના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર કેપ્ટન ચનપ્રિત સિંઘ તેમજ ડિરેક્ટર વુ યિરાન (માઈકલ)એ નવા યુહો ડિવાઈસિસને લોન્ચ કર્યા હતા.

યુહોનો મૂળભુત ઉદ્દેશ્ય યોગ્ય પ્રોડક્ટ, યોગ્ય સમય, યોગ્ય કિંમતે ઉપલબ્ધ કરાવવાનો તથા પારદર્શક અને અનુકૂળ કારોબારી પ્રવૃત્તિઓને આધારે ચેનલ પાર્ટરન્સ સાથે મજબૂત કારોબારી સંબંધ વિકસાવવાનો છે. કેટેગીરમાં બજાર હિસ્સો હાંસલ કરવા ઉપરાંત બ્રાન્ડ રિટેઈલર્સ તરફથી સકારાત્મક પ્રતિસાદ તથા દેશભરમાં ગ્રાહકો માટે ડાયનામિક અને સુસંગત પ્રમોશન દ્વારા ઈક્વિટીનું નિર્માણ કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

યુહોના બે નવા સ્માર્ટફોન ૪જી ડ્યુઅલ વોલ્ટી, બેટરીની લાંબી આવરદા, ફર્સ્ટ ઈન ક્લાસ ડિસ્પ્લે, પ્રોટેક્ટિવ બેક કવર તથા સેલ્ફીનો શોખ ધરાવતા યુવાનો માટે બેસ્ટ કેમેરા સહિતની વિશેષતાઓ સાથે બજારમાં હલચલ મચાવવા માટે સજ્જ છે.

યુહો મોબાઈલ્સના સીઈઓ અને મેનેજીંગ ડિરેક્ટર કેપ્ટન ચનપ્રિત સિંઘે જણાવ્યું હતું કે, ‘અમે વર્ષ ૨૦૧૬માં પ્રારંભ કર્યા બાદ ભારતના વિવિધ પ્રદેશો તરફથી સારો પ્રતિસાદ મેળવ્યો છે. અમારા માટે ગુજરાત અત્યંત મહત્વપૂર્ણ માર્કેટ છે અને અમને વિશ્વાસ છે કે ગુજરાતના ટેકનોલોજીમાં રૂચિ ધરાવતા યુવાનો તરફથી અમારા વિવિધ વિશેષતાઓ ધરાવતા વેરિઅન્ટસને સારો પ્રતિસાદ મળશે. અમારા ફોન બેસ્ટ ઈન ક્લાસ ફીચર્સથી સજ્જ અને યુઝર ફ્રેન્ડલી છે.’’

ડ્યુઅલ ૪જી સીમ (જીએસએમ) સપોર્ટ સાથે નવો યુહો વાયઉ પ્રો વાઈ-ફાઈ, જીપીએસ, બ્લુટુથ સાથે ફેસ અનલોક, ફિંગરપ્રિન્ટ સેન્સર અને પ્રોક્સિમિટી સેન્સર સહિતની વિશેષતાઓ ધરાવે છે.

## બાયજુ’સ એ ગુજરાતમાં ત્રણ વર્ષમાં ૧૫ લાખ વિદ્યાર્થીઓ ઉમેર્યા

ભારતની સૌથી મોટી એજ્યુકેશન કંપની અને દેશની સૌથી લોકપ્રિય અને પર્સનલાઈઝ્ડ સ્કૂલ લર્નિંગ એપ બાયજુ’સ એ આજે ગુજરાતમાં ‘સ્ટડન્ટ કનેક્ટ સેન્ટર્સ’ લોંચ કરવાની જાહેરાત કરી છે. અમદાવાદમાં નવરંગપુરા, સુરતમાં મજુરા ગેટ અને રાજકોટમાં ઉદ્યોગનગર ખાતે આવેલા સમર્પિત કેન્દ્રોને કારણે કંપનીને રાજ્યમાં તેનાં નેટવર્કના વિસ્તરણમાં મદદ મળશે અને વિદ્યાર્થીઓ ઉપરાંત પેરન્ટસને બાયજુ’સ’ના પર્સનલાઈઝ્ડ લર્નિંગ પ્રોગ્રામ્સની અસર સમજવામાં મદદ મળશે. બાયજુસ’ના નિષ્ણાંતોની ટીમ કોઈ પણ વિદ્યાર્થીઓનાં ઘરે તેની વિનંતીથી એપનું ડેમોન્સ્ટ્રેશન કરશે. વિદ્યાર્થીઓ અને વાલીઓ બાયજુ’સના નિષ્ણાંતો સાથે સેશન નક્કી કરવા ૦૯૨૪૩૫૦૦૪૫૭ પર કોલ કરી શકે છે.

૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતું ગુજરાત ભારતમાં બાયજુ’સના ઝડપથી વૃદ્ધિ કરી રહેલા રાજ્યોમાંનું એક છે. રસપ્રદ વાત એ છે કે તાજેતરનાં મહિનાઓમાં અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા ટોચની કામગીરી કરતા શહેરોની સરખામણીમાં નવસારી, જૂનાગઢ અને જામનગર જેવાં નાના જિલ્લાઓમાં એડોપ્શન રેટ ઊંચો રહ્યો છે.

ભારતનાં સૌથી મોટા ઈન્ટીગ્રેટેડ સ્કૂલ ક્વિઝ શો-ડિસ્કવરી સ્કુલ સુપર લીગ પાવર્ડ બાય બાયજુ’સમાં સૌથી વધુ ગુજરાતના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાજયની ૫૨૬ શાળાઓનાં ૨.૨૫ લાખ વિદ્યાર્થીઓની હાજરી એ ગુજરાતનાં વિદ્યાર્થીઓમાં અપેક્ષા અને મહત્વાકાંક્ષાનું ઊંચું પ્રમાણ દર્શાવે છે.

બાયજુ’સના ચીફ ઓપરેટિંગ ઓફિસર મૃણાલ મોહીતે ગુજરાતમાં વૃદ્ધિ અંગે જણાવ્યું હતું કે, ‘ગુજરાતમાં ‘સ્ટડન્ટ કનેક્ટ સેન્ટર્સ’ના પ્રથમ તબક્કાની જાહેરાત કરતાં અમે ખુશી અનુભવીએ છીએ. ૩૩ જિલ્લાઓના વિદ્યાર્થીઓ હવે એપના ફીચર અંગે સંપુર્ણ સમજણ મેળવવા માટે અને પર્સનાલાઈઝ્ડ લર્નિંગની અસર જાણવા અમારા નિષ્ણાંતો સાથે સ્પેશ્યલ સેશન્સ માટે શીડ્યુલ ગોઠવી શકે છે. ૬૪ મિનિટના એંગેજમેન્ટ રેટ સાથે ગુજરાતમાં અમારા વિદ્યાર્થીઓની સંખ્યામાં છેલ્લા એક વર્ષમાં તીવ્ર વધારો થયો છે. આગામી વર્ષોમાં ગુજરાતમાંથી વધુને વધુ વિદ્યાર્થીઓ ડિજિટલ લર્નિંગ રિવોન્યુશનમાં જોડાશે તેવો આશાવાદ સેવ્યો હતો. બાયઝુસ એપ દ્વારા ત્રણ કરોડ વિદ્યાર્થીઓ ભણ્યા છે અને હાલ ૨૦ લાખ વાર્ષિક પેઈડ સબસ્ક્રિપ્શન છે.

### ગંજીફો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામમાં અને ગાંધીનગર તેમજ માણસામાં થવા પામી છે.

કલોલ પ્રાંત અધિકારી તેમજ ગાંધીનગર પ્રાંત અધિકારીના શિરસ્તેદારોની બદલી કરવામાં આવી છે. આ જ હુકમમાં જિલ્લા ફેરબદલીથી આવેલા નાયબ મામલતદારોને પણ નિમણુંક અપાઈ છે.

આ સાથે ૬ જેટલા કારકુનોને પણ નાયબ મામલતદાર સંવર્ગમાં બઢતી આપતા હુકમો કરવામાં આવ્યા છે.

### શિરદર્દ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાથમાં લેતા નથી. જયારે મકાન ખાલી કરવામાં આવ્યુ હોય તેવા કિસ્સામાં અન્ય ઠેકાણે મકાન ફાળવવાની કામગીરી પણ મુખ્ય બની છે. આવા સંજોગોમાં જુના અને જોખમી મકાનોમાં રહીશોનો વસવાટ પણ ભયજનક હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે વસાહતીઓ જુના આવાસો ખાલી કરવાની કામગીરીમાં સહયોગ આપે તેવો સુર પણ તંત્ર કક્ષાએથી ઉઠવા પામ્યો છે. સેકટરોમાં ભયજનક મકાનોની સંખ્યા વિશેષ છે. જયારે આ મકાનો તોડીને તબક્કાવાર જગ્યા ખુલ્લી થાય તે મુજબ નવા આવાસો બાંધવાનુ પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. આવા સંજોગોમાં રહીશો સરકારી આવાસ ખાલી કરવાની પ્રક્રીયામાં ઉત્સાહ ન દાખવતા તંત્ર માટે આ કામગીરી શિરદર્દ સમાન બની છે.

### શસ્ત્ર પણ છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હજાર સરકારી કે સરકારી મદદથી ચાલતી શાળાઓમાં સ્માર્ટ કલાસરૂમ શરૂ કરવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. આ તબક્કે ઉપસ્થિત ભારતીય ટીમના પુર્વ ક્રિકેટર વી વી એસ લક્ષ્મણે પણ ડિઝીટલ કલાસરૂમના લીધે વિદ્યાર્થીઓની અભ્યાસ પ્રત્યે રૂચિ વધી રહી છે. સ્માર્ટ કલાસ શરૂ કરવાનો આશય અસરકારક પરિણામો તરફ આગળ વધી રહ્યો છે. તેમણે ક્રિકેટ અંગે વાતો કરતા જણાંવ્યુ હતુ કે ઘણા ખેલાડીઓ ક્રિકેટ રમવા માંગે છે.પરંતુ મને દેશ વતી રમવાની તક મળી હું મારી જાતને નસીબદાર ગણુ છુ. માતા પિતાની જેમ ડોકટર બનવાનુ બાજુએ મુકીને ક્રિકેટર બનવાનુ પસંદ કર્યુ હતુ. તેમણે અબ્દુલ કલામને પોતાના રોલ મોડેલ ગણાંવતા શિક્ષણની અનિવાર્યતા અંગે ભાર મુક્યો હતો.શિક્ષણના માધ્યમથી સમાજમાં પણ બદલાવ લાવી શકાય છે. શિક્ષણ મેળવવાની સાથે સમાજ માટે કાંઈક કરવાની ભાવના અને મોટુ દીલ પણ હોવુ અનિવાર્ય છે.

### રાષ્ટ્રપતિની મંજુરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપી હતી. આમાં નોકરી અને શિક્ષણમાં જનરલ કેટેગરીને ૧૦ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી છે. આ ક્વોટા એસસી, એસટી અને અન્ય પછાત જાતિઓને આપવામાં આવેલા ૫૦ ટકા અનામત કરતા અલગ છે. ૫૦ ટકા અનામત સાથે કોઈ ચેડા કરવામાં આવ્યા નથી. કેટલાક વિરોધ પક્ષના સભ્યોએ આ બિલના

સમયને લઈને શંકા ઉઠાવી હતી અને સુપ્રિમ કોર્ટના ચુકાદાના અનુસંધાનમાં પ્રશ્નો કર્યા હતા પરંતુ હવે આ તમામનો અંત આવી ગયો છે. લોકસભા ચુંટણીના ચાર મહિના પહેલા જ આ બિલ આવ્યું હતું. ભાજપની મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં હાર થયા બાદ ભાજપે આક્રમક રમત રમીને અનામત બિલ રજુ કર્યું હતું. બંધારણમાં ખુબ મહત્વપૂર્ણ સુધારાને લીલી ઝંડી આપી દેવામાં આવી છે. નવમી જાન્યુઆરીના દિવસે મોડી રાત્રે રાજ્યસભામાં બંધારણીય સુધારા બિલને લીલી ઝંડી આપવામાં આવી હતી. તે પહેલા રાજ્યસભામાં ઉગ્ર ગરમા ગરમ ચર્ચા ચાલી હતી. લોકસભામાં બિલને પાસ કરવામાં આવ્યાના એક દિવસ બાદ રાજ્યસભામાં ગરીબ સવર્ણો માટે ૧૦ ટકા અનામતની જોગવાઈ ધરાવતુ બંધારણીય સુધારા બિલ રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યુ હતુ.

### ગઠબંધન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાના ઉમેદવારને મેદાનમાં નહીં ઉતારવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે. માયાવતીએ કહ્યું હતું કે બાકી બે સીટો અન્ય પક્ષો માટે રાખવામાં આવી છે. બસપના વડાએ કહ્યું હતું કે જે રીતે ૧૯૯૩માં અમે સાથે આવ્યા હતા અને ભાજપને હાર આપી હતી તેવી જ રીતે આ વખતે પણ પરાજીત કરવામાં આવશે. વડાપ્રધાનના દાવેદાર કોણ રહેશે આ પ્રશ્નનો જવાબ અખિલેશે સાવધાનીપૂર્વક ટાળી દીધો હતો અને કહ્યું હતું કે ઉત્તરપ્રદેશ સામાન્ય રીતે દેશના વડાપ્રધાન આપે છે. વડાપ્રધાન ઉત્તરપ્રદેશમાંથી જ રહે તેમ અમે ઈચ્છીએ છીએ. માયાવતીએ પત્રકાર પરિષદ દરમિયાન બે વખત કહ્યું હતું કે ૧૯૯૫માં ગેસ્ટ હાઉસ કાંડને ભુલીને અમે આગળ વધવા ઈચ્છુક છીએ. માયાવતીએ કહ્યું હતું કે લોહિયાના રસ્તા ઉપર ચાલી રહેલી સમાજવાદી પાર્ટીની સાથે ૧૯૯૩માં કાંશીરામ અને મુલાયમસિંહ યાદવ દ્વારા ગઠબંધન કરીને ચુંટણી લડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ સંબંધમાં બસપના નેતા અને પૂર્વ મુખ્યપ્રધાન માયાવતીએ આજે જાહેરાત કરતા આને લઈને છેલ્લા કેટલાક મહિનાથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. આજે બપોરે પત્રકાર પરિષદનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

### દેશ નક્કી કરે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર લાવવા માટે વિરોધ પક્ષો ઈચ્છુક છે. દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાનમાં ભાજપના રાષ્ટ્રીય અધિવેશનમાં બીજા દિવસે મોદીએ કહ્યું હતું કે મહાગઠબંધનના નામ ઉપર લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ થઈ રહ્યા છે. આ પ્રકારના લોકો મજબુર સરકાર બનાવવા ઈચ્છુક છે. દેશને લૂંટી લેવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વિરોધ પક્ષોની ઝાટકણી કાઢતા મોદીએ કહ્યું હતું કે રાજનીતિ વિચારો અને ગઠબંધનો ઉપર આધારીત હોય છે પરંતુ પ્રથમ વખત એવું બની રહ્યું છે જ્યારે એકબીજાને જોઈ શકવાની સ્થિતિમાં નહીં રહેલા વિરોધ પક્ષો માત્ર એક વ્યક્તિને હરાવવા માટે સાથે આવી રહ્યા છે. અયોધ્યા જમીન વિવાદ કેસ અંગે વાત કરતા મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી આ વિવાદને ઉકેલવામાં આવે તેમ ઈચ્છુક નથી. મોદીએ એમ પણ કહ્યું હતું કે ૧૨ વર્ષ સુધી કોંગ્રેસ પાર્ટીએ તેમને સતત હેરાન પરેશાન કર્યા હતા. અમિત શાહને જેલમાં પુરી દેવામાં આ લોકો સફળ રહ્યા હતા. વિવિધ પ્રકારના કાયદાઓ હેરાન કરવા માટે બનાવવામાં આવ્યા હતા. પોતાના મુખ્યમંત્રી કાળનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ અને છત્તીસગઢ સીબીઆઈ ઉપર પ્રતિબંધ મુકવાના દાખલા આપી રહ્યા છે. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે આ લોકોએ એવા કયા કામ કરેલા છે જેના કારણે સીબીઆઈ ઉપર પ્રતિબંધ મુકવાની ફરજ પડી રહી છે. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૧૨ વર્ષ સુધી કોંગ્રેસ અને તેમના સાથીઓના ઈશારે કાર્યવાહી થઈ રહી હતી. તેમના ઈશારે ચાલતા રિમોટના બદલે નેતાઓ અને અધિકારીઓએ અમને હેરાન કર્યા હતા. તેમના શાસન તંત્રએ દરેક રીતે તેમને પરેશાન કર્યા હતા. કોઈ તક ગુમાવી ન હતી. અગાઉની કેન્દ્ર સરકાર ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે તેમની એક પણ એજન્સી એવી ન હતી જે એજન્સીએ તેમને હેરાન કર્યા ન હતા. ૨૦૦૭માં કોંગ્રેસના એક મોટા નેતા ગુજરાત આવ્યા હતા અને ચુંટણી સભામાં દાવો કર્યો હતો કે મોદી થોડાક મહિનામાં જેલભેગા થઈ જશે. વિધાનસભામાં કોંગ્રેસના નેતા ભાષણ આપતા હતા કે મોદી જેલ જવાની તૈયારી કરે. હવે મુખ્યમંત્રી છે તો જેલની સફાઈ માટેની તૈયારી કરવા ટકોર કરવામાં આવતી હતી.

### બંધ કરાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોડ, રોડ નં. ૩ થી હોટલ હવેલી તરફ જતો એપ્રોચ રોડ અખબારભવન સુધી, વૈષ્ણવદેવી સર્કલથી ઈન્દ્રોડા સર્કલ જ રોડ સે. ૩૦ સર્કલ સુધીનો રોડ, ઈન્દિરાબ્રીજથી ઈન્દ્રોડા સર્કલ સુધીનો રોડ, શાહપુર સર્કલથી બાયપાસ સરગાસણ ચોકડી સુધીનો રોડ નો પાર્કિંગ ઝોન તરીકે જાહેર કરવામાં આવેલ છે.

અધિક નિવાસી કલેક્ટર દ્વારા જારી કરાયેલ એક અન્ય જાહેરનામામાં એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો, રિમોટથી ચલાવામાં આવતા ડ્રોન, ક્વાડ ક્રોપ્ટ, પાવર એરક્રાફ્ટ, પેટા મોટર, પેટા જમ્પીંગ, હોટ એર બલુન પણ ઉડાડી શકાશે નહિ તે અંગે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ૧૪૪ની કલમ પણ લાગુ કરતુ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

### સ્વાઈન ફ્લુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયેલી કામગીરીની સમીક્ષાની અને લક્ષ્યાંક સિદ્ધિ માટે ધ્યાન કેન્દ્રીત કરવા માટે પણ આગ્રહ કર્યો હતો.

તબીબી અધિકારીઓ સાથેની બેઠકમાં જિલ્લામાં ઈ-ટેકો, કુપોષણ મુક્તિ અભિયાન તેમજ શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અને રસીકરણ અભિયાનને લઈ પણ કેટલાક મહત્વના સૂચનો કર્યા હતા.

આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત ગોલ્ડન કાર્ડની કામગીરી પણ સઘન બનાવવા પર ભાર મુકવામાં આવ્યો હતો.

આ બેઠકમાં સંસ્થાકીય પ્રસ્તુતિ તેમજ અન્ય પ્રોગ્રામોનું અસરકારક અમલીકરણ થાય તે જોવા પણ જણાવ્યુ હતુ.

આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ઉપરાંત વિવિધ પ્રોગ્રામ ઓફિસરો સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.